## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



લોકોને હવે કોઈ તહેવાર મનાવીને જીવને જોખમમાં મુકવાની જરૂર નથી..., અમે જીત્યા પછી ફટાકડા ફોડ્યા છે, કલર ઉડાડ્યા છે, ભવ્ય જમણવાર પણ કર્યા છે...

# શહેરમાં ૧૪૫ કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર હેઠળ

## સિવિલ હોસ્પિટલ અને ૪ ખાનગી હોસ્પિટલ પણ કોરોના દર્દીઓથી ભરચક

કોરોનાના સતત વધતા જતા કેસો સામાન્ય નાગરીકો અને આરોગ્ય વિભાગ માટે પણ ચિંતાનો વિષય બની ગયો છે. પાટનગરને કોરોના અજગરી ભરડો લઈ રહ્યું છે. કોરોના સંક્રમણ અટકાવવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે રાજયના પાટનગરમાં ૧૪૫ દર્દીઓ કોવીડના સારવાર હેઠળ છે. જેમાં સિવિલ હોસ્પિટલમાં ૭૫, આશ્કામાં ૩૫, સરમાઉન્ટમાં ૧૬, વાંછાણી હોસ્પિટલમાં ૧૧ અને રાધે હોસ્પિટલમાં ૬ દર્દીઓનો સમાવેશ થાય છે.

મળતી માહિતી મુજબ કોરોના રોજના કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો જોવા મળ્યો છે. ગુજરાતમાં નોંધપાત્ર કોરોના પોઝીટીવ દર્દીઓને પગલે કેન્દ્ર સરકારની પણ ચિંતામાં વધારો થયો છે. રાજય સરકાર વધી રહેલા કોરોના સંક્રમણને અટકાવવા માટે વિવિધ પ્રતિબંધ લગાવીને પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે શેરબજારના આંકડાની જેમ વધી રહેલા કોવીડના કેસને અનુલક્ષી રાજયના કેટલાક શહેરમાં રાત્રી કર્ફયુ તેમજ અન્ય પ્રતિબંધ પર કડકાઈથી કામ ચાલી રહ્યું છે. ત્યારે ગુજરાતમાં કોરોના પાર્ટ-૨ ની શરુઆત થઈ ગઈ છે. રોજના ત્રણ આંકડામાં કેસ સામે આવી રહ્યા છે. પાટનગરમાં પણ સ્થિતિ વણશે નહી તેની કાળજી લેવાઈ રહી છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં હાલના સમયે ૭૫ દર્દીઓ, આશ્કા હોસ્પિટલમાં ૩૫, સેકટર-૨૬ ખાતે આવેલી સરમાઉન્ટ હોસ્પિટલમાં ૧૬ દર્દીઓ, કુડાસણ વાંછાણી હોસ્પિટલમાં ૧૧ દર્દીઓ તેમજ શહેરની અન્ય ખાનગી હોસ્પિટલમાં ૮ જેટલા દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે.

જેમાં કેટલાક દર્દીઓ વેન્ટીલેટર, બાઈપેપ અને ઓક્સિજન પર સારવાર મેળવી રહ્યા છે.જયારે કેટલાક દર્દીઓ કોરોનાના સામાન્ય લક્ષણો ધરાવતા છે. પાટનગરમાં એક તરફ કોવીડના વધતા જતા કેસ અને બીજીબાજુ મહાનગર પાલિકાની ચુંટણી યોજાવા જઈ રહી છે. જેને પગલે નાગરીકો હાલ ઘરમાં પુરાઈ રહેવાનું યોગ્ય માની રહ્યા છે. ત્યારે કોરોના સંક્રમણ અટકાવવા માટે હજુ પણ દો ગજની દુરી, મોઢા પર માસ્ક પહેરવુ અને હાથ સેનેટાઈઝરથી સાફ કરવા આવશ્યક છે.

## ખૂણેખાંચરેથી

- ૪ જુદા જુદા સ્થાનો પર ભાજપના નિરીક્ષકો સમક્ષ રજુઆતો કરવા આવેલા કાર્યકરો આજે વૃક્ષનો છાંયો શોધતા જોવા મળ્યા હતા.
- ગાંધીનગર મનપાના ઉમેદવારો માટે આજે સેન્સ લેવાની પ્રક્રિયા મોડી સાંજ સુધી ચાલી હતી.
- વિધાનસભામાં વધુ બે ધારાસભ્યો સંક્રમિત થયાના અહેવાલને પગલે સચિવાલય અને વિધાનસભા સંકુલમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પહેલા માળે પ્રમુખની ચેમ્બર પાસેથી સેનેટાઈઝર મશીન ગુમ થયા બાદ પહેલા માળે ડી.ડી.ઓ. કાર્યાલય નજીક અને બીજા માળનું સેનીટાઈઝર મશીન બંધ પડી ગયા છે.
- ગાંધીનગર મનપાના ચૂંટણી જંગ લડવા ટિકિટવાંચ્છુઓ આજે મોંઘી અને લક્ઝુરીયસ ગણાતી ગાડીઓમાં રજુઆત કરવા પહોંચ્યા હતા.
- ૨૪મી માર્ચની વિશ્વ ટી.બી. દિવસ તરીકે ઉજવણી કરવામાં આવનાર છે. તંત્રએ ૨૦૨૦ના વર્ષમાં ૧૭૧૯ નવા દર્દીઓ શોધી કાઢ્યા છે.
- ગાંધીનગરના અધિક નિવાસી કલેકટર હનુમંતસિંહ જાડેજા તેમના પત્નીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં હોમ ક્વોરોન્ટાઈન થયા છે.
- કોવિડ-૧૯ની કામગીરી માટે નિમાયેલા સુશ્રી સુનયના તોમરે આજે કોરોનાના કેસો અને વેક્સીનેશનની કામગીરી અંગે વીડીયો કોન્ફરન્સથી સમીક્ષા કરી હતી.

# સચિવાલય ગેટ નં-૧ પાસે વિરોધ પ્રદર્શન કરતા જીગ્નેશ મેવાણી સહિત ૬૦ કાર્યકરોની અટકાયત

ગાંધીનગર, તા.૨૩

તાજેતરમાં સ્થાનિક સ્વરાજયની યોજાયેલી ચુંટણી દરમિયાન ધોધા તાલુકાના સાણોદર ગામે વિજેતા ઉમેદવારનું વિજય સરઘસ નીકળ્યું હતું. તે સમયે અગાઉની અદાવતને પગલે ગામના દલિત વ્યકિતની હત્યા કરવામાં આવી હતી. આ હત્યાના પડઘા મંગળવારના રોજ ગાંધીનગર શહેરમાં પડ્યા હતા. જેમાં શહીદ દિન નિમિતે વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં વિધાનસભા તરફ કુચ કરી ગેટ નં-૧ સામે વિરોધ પ્રદર્શનનું આયોજન કરાયું હતું. પરંતુ તે પહેલા જ બંદોબસ્તમાં રહેલા પોલીસ કાફલાએ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સહિત ભીમ સેનાના ૬૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરાઈ હતી.




સુત્રો પાસેથી મળતી વિગત મુજબ સાણોદર ગામે ચુંટણીના વિજય સરઘસમાં ગામના અમરાભાઈ બોરીચાની હત્યા થઈ હતી.જેમાં કેટલાક વ્યકિતની સંડોવણી બહાર આવી હતી તેમજ ફરજમાં બેદરકારી દાખવનાર સ્થાનિક પીએસઆઈની પણ ધરપકડની માંગ ઉઠવા પામી હતી. સમગ્ર દલિત સમાજમાં આ હત્યાને પગલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે તા.૨૩ માર્ચ શહીદ દિન નિમિતે ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આગેવાની હેઠળ પીએસઆઈ સોલંકીની ધરપકડની માંગ અને પીએસઆઈ ભરતીમાં એસસી, એસટી, ઓબીસી અને અનામત ખતમ કરવાના વિરોધમાં સચિવાલયના ગેટ નં.૧ પાસે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ રાખ્યો હતો. નાગરીકોનો આક્રોશ જોઈને શહેરના એમએલએ કવાટર્સ અને સચિવાલયના ગેટ પાસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને ભીમસેનાના કાર્યકરોએ સુત્રોચ્ચાર કરીને ગેટ સામે કુચ કરી હતી. આ સમયે ધારાસભ્ય સહિતને ૬૦ જેટલા ભીમસેનાના કાર્યકરોને અટકાવી તેઓની અટકાયત કરી લઈ જવાયા હતા.



આકાશમાંથી જાણે અંગારા વરસી રહ્યાં છે. ઉનાળો ધીમે ધીમે તેની ચરમસીમાએ આગળ વધી રહ્યો છે. દિવસ દરમ્યાન તો એટલો તડકો લાગે છે કે તડકામાં બહાર નીકળવુ મુશ્કેલ બને છે. સંસારજીવન ત્યાગીને ફરતા રહેતા સાધુ-સંતોને પણ આકરી ગરમી હેરાન પરેશાન કરી રહી છે. બપોરના સમયે વિહાર કરવાના બદલે તેઓએ ફૂટપાથ પર આરામ કરવાનું વધુ મુનાસીબ માન્યુ હતુ.

# ન્યાય નહીં મળતા મધ્યાહન ભોજન યોજનાના પ્રમુખ અને ઉપપ્રમુખની આજે મુખ્યમંત્રી પાસે ઈચ્છા મૃત્યુની માંગ કરશે

મધ્યાહન ભોજન યોજના હેઠળ રાજયમાં એક લાખ જેટલા કર્મચારીઓ સામન્ય વેતનમાં ફરજ બજાવે છે. આ કર્મચારીઓ છેલ્લા ત્રણ દાયકાથી પોતાની ફરજ નિભાવી રહ્યા છે. લઘુતમ વેતન આપવુ, એનજીઓ રદ કરવી સહિતના પડતર પ્રશ્નોનો ઉકેલ આજદિન સુધી આવ્યો નથી. ત્યારે મધ્યાહન ભોજનના કર્મચારીઓને ન્યાય નહી મળતા તા.૨૪ માર્ચને બુધવારના રોજ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલા અને ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ જે.પંચાલ મુખ્યમંત્રી સમક્ષ ઈચ્છા મૃત્યુની માંગણી કરશે.

મળતી વિગત મુજબ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ જેવા કે સંચાલક, રસોઈયા, અને મદદનીશો સામાન્ય વેતનમાં છેલ્લા ૩૦ વર્ષથી સતત પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યા છે. ત્યારે કારમી મોંઘવારીમાં આ યોજનામાં ફરજ બજાવતા કર્મચારીઓનું ભરણ-પોષણ કરવુ કઠીન બન્યું છે. પગાર ધોરણ લઘુતમ આપી કાયમી કરવા માટે નામદાર હોઈકોર્ટ તા.૬-૯-૧૧ ના રોજ ચુકાદાનો અમલ પણ રાજય સરકાર દ્વારા કરાયો નથી. જેથી ત્રણ ત્રણ દાયકાથી પોતાના પડતર પ્રશ્નોને લઈને મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ સરકાર સમક્ષ લડત લડી રહ્યા છે. તેમ છતા તેમના પડતર પ્રશ્નોનો ઉકેલ આજદિન સુધી આવ્યો નથી. શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે અનેકવાર ધરણા, રેલી, વિરોધ પ્રદર્શન અને સુત્રોચ્ચાર પણ કરાયા છે. તેમ છતા ન્યાય નહી મળતા મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી મહામંડળના પ્રમુખ અને ઉપપ્રમુખ મુખ્યમંત્રી સમક્ષ ઈચ્છા મૃત્યુની માંગ કરશે.

# ટ્રકની તાડપત્રી કાપીને તેલના ૧૬ ડબાની ચોરી

ગાંધીનગર,તા.૨૩

થોળ ટેકરા થી અઢાણા ગામની સીમમાં ટ્રકમાંથી દોરડુ કાંપીને તાડપત્રી ચીરીને ૧૬ ડબાની ચોરી થવા પામી છે. પીકઅપ ડાલામાં આવેલા શખ્સોએ ચાલુ ટ્રકે આ કરામત કરી હોવાનું ધ્યાને આવ્યું છે. બનાવ અંગે ટ્રક ડ્રાઈવરે રૂ.૨૮,૧૬૦ ની કિંમતના ૧૬ તેલના ડબાની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદ વસ્ત્રાલ ખાતે રહેતા મનુભાઈ રાજપુત (ઉં.૩૭) છેલ્લા ૮ વર્ષથી ગીરીરાજ કાર્ગો મુવર્સમાં તેલના ડબાની ફેરી મારે છે. ગત તા.૨૨ ના રોજ સાંજના ૬ વાગ્યાના અરસામાં એન.કે.પ્રોટીન તેલની કંપનીમાં કલીનર સાથે ગયો હતો. ટ્રક નં.જી.જે.૨૭.ટી.૬૭૭૭ માં તેલના ૬૧૫ નંગ ડબા રાઈસ બ્રાન્ડના ભર્યા હતા. આ તેલના ડબા બોમ્બે વસઈ ખાતે આવેલી શ્યામ એજેન્સી ખાતે લઈને જવાના હતા. તા.૨૩ ના રોજ સવારના ૫ વાગે ગાડી ભરીને મનુભાઈ નીકળ્યા હતા. તે સમયે થોળ ટેકરા પાસે આવેલી ચાની કીટલી પર ચા પીધા બાદ તેઓ રવાના થયા હતા. અઢાણા ગામના પાટીયા પાસે બમ્પ આવતા ટ્રક ધીમી પડી હતી. તે સમયે પાછળ આવી રહેલા પીકઅપ ડાલાએ પણ બ્રેક મારી હતી. અંધકારને પગલે પીકઅપ ડાલાનો નંબર દેખાયો ન હતો. ત્યારબાદ ટ્રક હંકારી રાંચરડા ગામે ચા ની કીટલી પાસે આવીને ગાડી ઉભી રાખી હતી. તે સમયે મનુભાઈએ નીચે ઉતરીને પાછળની બાજુએ જોતા ટ્રકનો રસ્સો અને તાડપત્રી કપાયેલી હાલતમાં ખુલ્લી હતી. ત્યારબાદ ટ્રકમાં તપાસ કરતા તેલના ૧૬ ડબા ૧૫ લીટરના જણાયા ન હતા. જેથી ટ્રક ડ્રાઈવરે ગીરીરાજ મુવર્સના માલિકને બનાવ અંગે જાણ કરી હતી. ત્યારબાદ બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આજે વાવોલની શાલીન-૪ ખાતે કોવિડ-૧૯ પ્રતિરોધક રસીકરણ કેમ્પ

ગાંધીનગર, તા.૨૩


ગાંધીનગરના વાવોલમાં આવતી કાલે તા.૨૪ માર્ચ બુધવારે શાલીન- ૪ એપાર્ટમેન્ટની સોસાયટી ઓફિસમાં સવારે ૯ વાગ્યે કોરોના વિરોધી રસી કોવિશિલ્ડના રસીકરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અત્યારે ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના તમામ લાભાર્થી અને ૪૫ થી ૫૯ સુધીની વયના કોઈ મોટી બિમારી ધરાવતા લાભાર્થીઓને રસીકરણ કરવાનું છે જેમ?ાં ૪૫ થી ૫૯ વર્ષ વચ્ચેની વયના લાભાર્થીઓએ પોતાની સારવારની ફાઈલ અથવા જે દવાઓ લેતા હોય તે લઈને આવવા તેમજ રસી મુકાવનાર દરેક સભ્યોએ આધાર કાર્ડ, વૉટર આઈડી કે પોતાનું કેવાયસી સાથે આવવા જણાવાયું છે.

# ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટીએ વિશ્વ હવામાન દિવસની ઉજવણી કરી

ગાંધીનગર, તા.૨૩

વિશ્વ હવામાન દિવસ જે દર વર્ષે તા.૨૩ માર્ચના રોજ આવે છે જેની ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટીએ ઉજવણી કરી હતી. આ દિવસ 'સમુદ્ર, આપણી આબોહવા અને વાતાવરણ' થીમ પર ઉજવવામાં આવ્યો હતો. એમજી સાયન્સ ઈન્સ્ટિટ્યુટ નવરંગપુરના જિયોલોજી વિભાગ ખાતેના મદદનીશ અધ્યાપક ડૉ. હેમન વી. મજીઠીયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ સત્રને સંબોધ્યુ હતુ જેમાં ૨હજારથી વધુ વિજ્ઞાનના ઉત્સાહીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે ડૉ. મજીઠીયાએ જણાવ્યું હતુ કે, "જીવનની સુરક્ષા અને દરિયાઈ સંપત્તિને સલામત રાખવા માટે સમદ્રુમાં થઈ રહેલા સતત ફેરફારો મારફતે વિશ્વભરમાં વિવિધ હવામાનન માનવીની સુખાકારીમાં અત્યંત અગત્યનો ભાગ ભજવે છે.




લગતા સાહસો દ્વારા જે ભારે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે તેની પર ભાર મુકવા માટે વિશ્વ હવામાન દિવસ અગત્યનો પ્રસંગ છે." ડૉ. મજીઠીયાએ ફીડબેક સત્રમાં ઘણા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. અંતમાં તેમણે એમ કહેતા પૂર્ણાહૂતિ કરી હતી કે, "સમુદ્રો ગ્લોબલ વોર્મિંગ, આબોહવા પરિવર્તન, દરિયાઈ પ્રદૂષણ, વધુ પડતી માછીમારી અને સમુદ્રમાં એસિડીફિકેશન કે જે સમુદ્રની તંદુરસ્તીને અને તેની જીવસૃષ્ટિને માઠી અસર પહોંચાડી રહ્યા તેવી સમસ્યાઓ હાલમાં એક પડકાર છે."

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ચિકિત્સા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ઉત્તર ત્રીપુરાના ધરમનગર તાલુકાના રાધાપુર તથા રાગના ગામમાં કુલ ૨૦૪ દર્દીઓને તપાસી દવા આપી હતી.

આ બન્ને જગ્યાએ સાધકરત્નમણી ટ્રસ્ટની સાથે રહી આ કાર્ય કર્યુ હતુ. આ સાથે ૪૨ લાભાર્થીને વાંચવાના ચશ્મા પણ આપ્યા હતા. આ સેવાકાર્યમાં ડૉ. ચીતાણીયા, ડૉ. ભોઘાણી, મિલિંદભાઈ તથા ગામેતીભાઈએ સમિતિ વતી સેવા આપી હતી.

ગામના સ્થાનિકો દ્વારા સારો સાથ સહકાર પ્રાપ્ત થયો હતો.

## શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા મહિલાદિન અંતર્ગત વિવિધ ઓનલાઈન પ્રવૃત્તિઓ યોજાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૩ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે મહિલાદિન અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૧ના વાલીઓ માટે રંગોળી બનાવવાની પ્રવૃત્તિ, ધોરણ-૨ના વાલીઓ માટે વેસ્ટમાંથી બેસ્ટ અને ધોરણ-૩ના વાલીઓ માટે ગીત ગાવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણે ધોરણના કુલ ૪૫ વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાના આચાર્ય નીવાબેન પટેલે તમામ શિક્ષકો તથા ભાગ લેનાર તમામ વાલીશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરની શોર્ટ ફિલ્મ "બુમરેંગ"ને આંતરરાષ્ટ્રીય કક્ષાએ બે નોમિનેશન્સ મળ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના ઓરેન્જ ફેમ પ્રોડકશનના બેનર હેઠળ બનેલી શોર્ટ ફિલ્મ બુમરેંગની બબ્બે આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં પસંદગી થવા પામી છે. બુમરેંગનું નોમિનેશન યુકેના બંકિગ્મશાયરના પાઈનવુડ સ્ટુડિયોના યુકે ફિલ્મ ફેસ્ટિવલ-૨૦૨૧માં તથા લંડનના ધ લિફ્ટ ઓફ સેશન-૨૦૨૧ માં થવા પામ્યું છે.

રાઈટર-ડિરેકટર રાહુલ વાણિયાની પ્રથમ શોર્ટ ફિલ્મ બુમરેંગમાં કંજુસાઈયુકત સ્વભાવને કારણે જીવનમાં પડતી મુશ્કેલીઓ આવરી લેતી વાર્તા રજુ કરાઈ છે જેમાં કંજુસ કરોડીમલનું પાત્ર ગાંધીનગરના તજ્ઞાના જાણીતા કલાકાર તથા ગાંધીનગર ગૌરવ પુરસ્કાર વિજેતા અપ્સર સૈયદે ભજવ્યું છે તેમજ અન્ય પાત્રોમાં ગીતાંજલી વાજપાયી, ભીખુભાઈ પંચાલ, અતુલ લાખાણી, નિરવ પરમાર, ઋષિ પટેલ તથા ક્રિશ્ના જોશીનો સમાવેશ થાય છે. બમુરેંગના પ્રોડક્શનની જવાબદારી સંદીપ સોલંકી, અભિષેક ત્રિવેદી, સૌરીન શાહ દ્વારા સંભાળવવામાં આવી હતી. ફિલ્મનું શુટીંગ એપ્રિલ-૨૦૧૯માં ધોળકા તાલુકામાં કરવામાં આવ્યુ હતુ તેમજ મુખ્ય પાત્રના ઘરના અંદરના દશ્યો માણસા તાલુકાના ચરાડા ખાતે શુટ કરાયા હતા જ્યારે કેટલાંક દશ્યો રાજસ્થાનના ઉદેપુર શહેરના છે. આ ફિલ્મનું પોસ્ટ-પ્રોડકશન કાર્ય લોકડાઉન દરમ્યાન સંપન્ન કરાયુ હતુ. આ શોર્ટ ફિલ્મને આંતરરાષ્ટ્રીયકક્ષાએ બબ્બે નોમિનેશન્સ મળતા ફિલ્મના તમામ કલાકાર-કસબીઓમાં આનંદ સાથે ઉત્સાહની લાગણી પ્રવર્તવા પામી છે.




**રાષ્ટ્રીય સેવા યોજના એકમ સાદરા દ્વારા પ્લાસ્ટિક પ્રદુષણનો ઉકેલ પડકાર શા માટે ?**

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ તથા પર્યાવરણનું મિત્ર અને આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજિત રાજયકક્ષાનો વેબીનાર યોજાયો. ગ્રાહક અધિકાર નિમિત્તે પ્લાસ્ટિક પ્રદુષણનો ઉકેલ પડકાર સા માટે પ્લાસ્ટિક પ્રદુષણ અંગેની નીતિઓ, અમલીકરણ અને લોકોની સહભાગીતાના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. સંદીપ પટેલે પ્લાસ્ટિક રિસાયકલીંગ વ્યવહારિક પડકારો પર ચર્ચા કરી હતી. ગ્રીન કેટાલિસ્ટ દેવાંગ પરમારે જાગૃતિ માટે યુવાનોની પહેલ વિષય પર ચર્ચા કરી વિસ્તૃત સમજ આપી હતી. કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદ્બોધનમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક ડૉ. અરૂણભાઈ ગાંધીએ પ્લાસ્ટિક મુક્તિ ભારત કેવી રીતે બનાવી શકાય, દિવસે દિવસે પ્લાસ્ટિક પ્રદુષણ વધી રહ્યું છે તેના માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરી આ પ્રદુષણને અટકાવી પર્યાવરણને સુરક્ષિત કરી શકાય.

## વન તથા જળના મહત્વ અંગે વનશ્રી ટ્રસ્ટનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં પર્યાવરણ જાગૃતિ ક્ષેત્રે કાર્યરત સંસ્થા વનશ્રી ટ્રસ્ટ દ્વારા તા. ૨૧મી માર્ચે વિશ્વ વન દિવસ નિમિત્તે સેક્ટર-૪માં ગોગા મહારાજના મંદિર પાસે યોજવામાં આવેલા કાર્યક્રમમાં ઉપસ્થિત પર્યાવરણ જિજ્ઞાસુઓને વનનું મહત્વ અને વૃક્ષો, પશુ-પંખીઓ, પ્રાણીઓ સહિતના પર્યાવરણના મહત્વ અંગે સમજણ પુરી પાડવામાં આવી હતી.

આ સાથે તા. ૨૨મી માર્ચ વિશ્વ જળ દિવસને અનુલક્ષીને પણ જળનું મહત્વ તથા તે અંગે મહત્વનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં પર્યાવરણ જાગૃતિ સંબંધિત પત્રિકાઓનું વિતરણ કરાયુ હતુ તેમજ સંસ્થા દ્વારા "જળ એજ જીવન" વિષયે ઓનલાઈન વક્તૃત્વ સ્પર્ધા યોજી વિજેતાઓને પ્રમાણપત્રોથી સન્માનિત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વનશ્રી ટ્રસ્ટના મહાવીર નિમાવત અને ઉત્કર્ષ ગુપ્તા દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# ઉવારસદ પાસેથી ત્રણ રીક્ષામાંથી દારૂની ૧૫૦૨ બોટલ મળી

## પોલીસે દારુ, રીક્ષા, મોબાઈલ મળી કુલ રૂ.૨,૭૧,૨૪૮ નો મુદ્દામાલ જપ્ત કરી ૬ શખ્સો સામે ગુનો નોંધ્યો, રીક્ષાઓનું પાયલોટીંગ કરી રહેલી કાર ફરાર

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરને અડીને આવેલી ઉવારસદ ડેન્ટલ કોલેજ પાસેથી પોલીસે ત્રણ રીક્ષામાંથી ૧૮૦ એમએલની ૧૫૦૨ બોટલ મળી આવી હતી. જયારે દારૂ ભરેલી રીક્ષાઓનું પાયલોટીંગ કરી રહેલી કાર લઈને ચાલક ભાગી ગયો હતો. પોલીસે ત્રણ રીક્ષા, દારુ, ચાર શખ્સો, મોબાઈલ સાથે રૂ. ૨.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી અડાલજ પોલીસે તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ જે.એચ.સિંઘવના માર્ગદર્શન હેઠળ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા તે સમયે કોન્સ્ટેબલ મિલનકુમારને દારૂની હેરાફેરી અંગે બાતમી મળી હતી કે ત્રણ રીક્ષામાં પાયલોટીંગ કાર સાથે વિદેશી દારુ લઈ જવામાં આવી રહ્યો છે. જેથી ઉવારસદ પાસે નાગદેવ ચોકડી પાસે પોલીસે વોચ ગોઠવી દીધી હતી. તે સમયે પાયલોટીંગ કરી રહેલી કાર નં. જી.જે.૦૧. એચ.ટી.-૪૧૮૯ કાર વાવોલ તરફથી આવી રહી હતી. પોલીસે કારને રોકવા માટે ઈશારો કરતા કાર ચાલકે કાર દોડાવી દીધી હતી. જયારે પાછળ આવી રહેલી રીક્ષા નં. જી.જે.૦૧.ટી.ડી.-૯૨૯૬, જી.જે.૦૧. ડી.વી.-૫૬૮૮ અને જી.જે.૧૮.બી.યુ.-૦૫૨૭ નંબરની રીક્ષા પોલીસે પકડી પાડી હતી. પોલીસે રીક્ષા ચેક કરતા અંદરથી ૧૮૦ એમએલની ૧૫૦૨ બોટલ મળી આવી હતી.પોલીસે રીક્ષા ચાલકોનુ નામ પુછતા રાહુલ પરેશ રાવળ (અડાલજ), રવિ કિશન પરમાર (અમદાવાદ) અને તેની પાસે બેઠેલો ચંદ્રેશ રમણ પરમાર (અડાલજ) અને મનોજ જયંતિ પટેલ (ચાંદલોડીયા) હોવાનું સામે આવ્યું હતું.

અડાલજના રોહિત વાસ ખાતે રહેતા બુટલેગર મૌલિક પરમારને આપવાનો હોવાનો ચંદ્રેશ પરમારે કબુલાત કરી છે. જેથી પોલીસે રૂ. ૧,૧૦,૨૪૮ ની કિમતની ૧૮૦ એમએલની ૧૫૦૨ બોટલ, રૂ.૧.૫૦ લાખની ત્રણ રીક્ષા અને ૪ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨,૭૧,૨૪૮ નો મુદ્દામાલ કબ્જે કરી ૬ ઈસમો સામે પ્રોહીએકટ મુજબ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ટચુકડી જાહેર ખબર**

દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧